રાજ્ય સરકારના પેન્શનર/કુટુંબ પેન્શનર માટે હયાતીની ખરાઈની સુવિધા Jeevan Pramaan Portal પર ઉપલબ્ધ કરવા બાબત.

ગુજરાત સરકાર,
નાણા વિભાગ,
ઠરાવ ક્રમાંક: તજર-૧૦૨૦૧૪-૧૬૭૧-ઝ,
સચિવાલય,ગાંધીનગર.
તારીખ:૨૯/૦૫/૨૦૧૭

વંચાણે લીધો : નાણા વિભાગનો તા.૧૭/૦૯/૨૦૧૨નો ઠરાવ ક્રમાંક:-તજર-૧૦૨૦૧૭-૧૩૨-ઝ.

**આમુખ:**

રાજ્ય સરકારનાં પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ કરાવવામાં સરળતા થાય તે માટે ઉપરોક્ત વંચાણે લીધેલ ઠરાવથી પેન્શનરો/કુટુમ્બ પેન્શનરોની હયાતી ખરાઈની પદ્ધતિ નક્કી કરવામાં આવેલ છે અને પેન્શનરે/કુટુંબ પેન્શનરે હયાતીની ખરાઈનાં સમયે રજુ કરવાના અન્ય પ્રમાણપત્રો બાબતે ગુજરાત તિજોરી નિયમ-૨૦૦૦ માં વિવિધ જોગવાઈઓ કરવામાં આવેલ છે. આ જોગવાઈ મુજબ પેન્શનની ચુકવણાની વિવિધ પદ્ધતિ હેઠળ પેન્શન મેળવતા પેન્શનરો /કુટુંબ પેન્શનરો માટે હયાતીની ખરાઈમાં વધુ સરળતા થાય તે માટે ભારત સરકારની જેમ જ રાજ્ય સરકારના પેન્શનરો /કુટુંબ પેન્શનરો પણ Jeevan Pramaan Portal પર Online હયાતીની ખરાઈ કરાવી શકે તે પદ્ધતિ દાખલ કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે, પેન્શનના ચુકવણાની વિવિધ પદ્ધતિઓ હેઠળ રાજ્યની તિજોરી કચેરીઓમાંથી પેન્શન મેળવતા તમામ પેન્શનરો/કુટુંબ પેન્શનરોને વાર્ષિક હયાતીની ખરાઈમાં વધુ સરળતા ઉપલબ્ધ કરાવવા માટે ભારત સરકારના Jeevan Pramaan Portal (www.jeevanpramaan.gov.in )પરથી પેન્શનર/કુટુંબ પેન્શનર દ્વારા Aadhar Based Biometric Authentication હેઠળ હયાતીની ખરાઈ કરાવવાની પદ્ધતિને પણ માન્ય ગણવા ઠરાવવામાં આવે છે.

આ સંદર્ભમાં, પેન્શનરે/કુટુંબ પેન્શનરે હયાતીની ખરાઈના સમયે રજુ કરવાના થતા લગ્ન/પુન:લગ્ન, પુન:નિયુકતિ સબંધિત પ્રમાણપત્રો પેન્શનરે/કુટુંબ પેન્શનરે Jeevan Pramaan Portal/Cyber Treasury- Pension Portal પર Online આપવાનાં રહેશે.આ પદ્ધતિનો લાભ ગુજરાત રાજ્યની તિજોરી કચેરીમાંથી પેન્શન મેળવતા અને વિદેશમાં વસવાટ કરતા તથા Aadhar Number ધરાવતા પેન્શનરો/કુટુંબ પેન્શનરો પણ મેળવી શકશે.

Jeevan Pramaan Portal પરથી પેન્શનરો/કુટુંબ પેન્શનરોની વાર્ષિક હયાતીની ખરાઈ Online કરવાની પદ્ધતિનાં અમલીકરણ માટે વધારાની આનુષંગિક સૂચનાઓ આપવા માટે નિયામકશ્રી, હિસાબ અને તિજોરીઓને આથી અધિકૃત કરવામાં આવે છે.

Jeevan Pramaan Portal પરથી પેન્શનર/કુટુંબ પેન્શનર દ્વારા Aadhar Based Biometric Authentication હેઠળ હયાતીની ખરાઈ કરાવવાની પધ્ધતિનાં અમલને કારણે ગુજરાત તિજોરી નિયમો-૨૦૦૦ ના સબંધિત નિયમોમાં સુધારાની કાર્યવાહી અલગથી કરવામાં આવશે. **પેન્શનરો/કુટુંબ પેન્શનરો માટેની હયાતીની ખરાઈની હાલની પધ્ધતિઓ પણ અમલમાં રહેશે.**

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. કે. પટેલ)
નાયબ સચિવ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માન.મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય સચિવાલય, ગાંધીનગર.
- સર્વે માન.મંત્રીશ્રીઓ/રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓ/સંસદીય સચિવશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધ પક્ષના નેતાશ્રી ગુજરાત વિધાનસભા, સચિવાલય ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા)ના અગ્ર રહસ્ય સચિવશ્રી,નાણા વિભાગ.
- સચિવશ્રી (આ.બા.) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય,ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી (ખર્ચ) ના રહસ્ય સચિવશ્રી સચિવાલય ગાંધીનગર નાણા વિભાગ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત હાઇકોર્ટ, સોલા, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો, ગાંધીનગર.
- સર્વે જિલ્લા કલેકટરશ્રીઓ અને સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ) અમદાવાદ/રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ.એન્ડ ઈ) અમદાવાદ/રાજકોટ.
- નિયામકશ્રી, હિસાબ અને તિજોરી નિયામકની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, ગાંધીનગર.
- નિરીક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબની કચેરી, ગાંધીનગર.
- નિયામકશ્રી, વીમા નિયામકની કચેરી, ગાંધીનગર.
- સર્વે ખાતાના વડાઓ / કચેરીના વડાઓ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- સર્વે તિજોરી અધિકારીશ્રીઓ/ સર્વે પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- નાણા વિભાગના તમામ અધિકારીશ્રીઓ/ શાખાઓ.
- સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ – વેબસાઇટ ઉપર મૂકવા માટે.